





બેફામ ગતિમાં સ્ટીયરીંગ નો કાબૂ રહ્યો નહીં!
ફૂંટાઇ ગઇ દિશા, લક્ષ્ય પર કાબૂ રહ્યો નહીં!
કાબૂ રહ્યો ન અશ્વો પર દોડે જૂદી દિશામાં -
મહત્ત્વકાંક્ષી ટીમે અન્નાનો કાબૂ રહ્યો નહીં..
(અપાવાસી નિષ્ણાત ડ્રાઇવર)




જીવતે નહીં,
- તો ભલે સ્મશાનમાં -
મનપા કૃપા..
(વેરા ભરીને, પછી પધારો!)

ખોટી તો ખોટી!
આશા તો બંધાવે છે!!
આ આગાહીઓ..
(ઠેલાતી તારીખો)

## ચિંતન

**વિષં સંક્રમણં રાત્રૌ વિષં રાજ્ઞો અનુકૂલતા ।**
**વિષં સ્ત્રીયો અપ્યન્ય હૃદો વિષં વ્યાધિ રવીક્ષિતઃ ॥**

'રાત્રે ખૂબ રખડવું એ વિષ તૂલ્ય છે, રાજાની વધારે પડતી મહેરબાની-કૃપા પણ વિષ તુલ્ય છે. બીજાની પ્રત્યે હૃદય દાખવતી-બીજાને પ્રેમ કરતી પત્ની પણ વિષ તુલ્ય છે અને ઉપેક્ષા કરાયેલો રોગ પણ વિષ તુલ્ય છે.'

જીવનમાં 'નિયમિતતા'નું મોટું મહત્ત્વ છે. પરોઢિયે ચાર વાગ્યે વાતાવરણમાં જે શુધ્ધ વાયુઓ હોય તેના શ્વાસોશ્વાસથી જ શરીરને પ્રફુલ્લિતપણું અને નવો જોમ મળે છે. વહેલા ઉઠવા માટે વહેલા સૂઇ જવાની મોટી ફરજ છે. મોડે સુધી રખડનારની પાચનશક્તિ નબળી પડી જાય છે. પેટ બધા જ રોગોનું મૂળ - કારણ છે.

રાજાની અતિશય મહેરબાની પાછળ ઘણાં કારણ અને રહસ્યો હોય છે, આથી રાજા-શેઠ-માલિક અધિકારી વધારે પડતું સૌજન્ય-કૃપા દર્શાવે ત્યારે સાવચેત થઇ જવું.

સ્ત્રી-પત્ની જયારે પતિ-પ્રેમ ચૂકી બેવફા થઇ જાય ત્યારે એ વિચાર-પ્રેમ-લાગણીમાં અંધ થઇ જાય છે પછી પતિ એના માર્ગમાં 'કાંટા' જેવો લાગે.

રોગને શરૂઆતથી જ ડામી દેવો જોઇએ. જો તેની ઉપેક્ષા કરીએ તો શરીરના બીજા અંગો સુધી પ્રસરીને તેને પણ નૂકશાન પહોંચાડે છે. રોગની ઉપેક્ષા એ વિષ તૂલ્ય છે.

## સુવિચાર

- પ્રેમ કરવો એટલે બીજાના સુખમાં જ પોતાનું સુખ ભેળવી દેવું - **લિબિનિઝ**
- જયારે મોહને બુધ્ધિની મદદ મળે છે ત્યારે લાગણી, પ્રેમ અને ભાવનાની વરાળ થઇ જાય છે - **ધૂમકેતુ**
- માણસ જેટલો નાનો એટલો એનો અહંકાર મોટો - **રોમા રોલાં**
- સ્નેહપૂર્વક અપાયેલું નાનામાં નાનું દાન પણ મોટું છે - **ફિલેમન**
- આંખ તો બધાની પાસે હોય છે પણ 'દૃષ્ટિ' તો કોઇકની પાસે જ હોય છે- **મેકિયાવેલી**
- જયારે તું સંસારના પરિતાપથી હારી ગયો હોય ત્યારે વૃધ્ધ પાસે જવા કરતાં, કોઇ બાળક પાસે જજે, તેનું નિર્દોષ, નિર્વ્યાજ, નિખાલસ સ્મિત જ તારાં દુઃખોનું ઔષધ બની જશે - **ટાગોર**
- જેણે તક ગુમાવી એણે સફળતા ગુમાવી - **ચાર્લ્સ**

## બોધ કથા

શ્રાવણ અને પુરૂષોત્તમ માસ આવે છે, ચોમાસામાં આમ પણ પાચનશક્તિ નબળી પડે, ચાર્તુમાસમાં 'એકાસણાં'નું ખૂબ જ મહત્ત્વ છે. રોગોની બધી જ સમસ્યાઓનાં મૂળ 'પેટ' સુધી જ પહોંચે છે. આપણે ખાવા-પીવામાં 'સંયમ' નથી રાખતા તેથી જ ડોકટર્સ અને દવાખાનાઓનાં ઝડપી વિકાસ થયો છે.

તૈતરીય ઉપનિષદ્માં એક કથા છે.

બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. પશુ-પંખીને બોલાવ્યા. જીવનચર્યા, સૂવા-ઉઠવા-ખાવાના નિયમ બતાવ્યા અને કહ્યું, આ નિયમ પાળશો તો તમે કદી બિમાર નહીં પડો, પશુઓએ પૂછયું બ્રહ્માજી અમારે કયારે અને કેટલું ખાવું!

બ્રહ્માજી કહે, મેં તમારા મન પર સંયમનું યંત્ર મૂક્યું છે એટલે તમને ભૂખ લાગશે ત્યારે જ ખાઇ શકશો, તમારે ખાવાના કોઇ નિયમ પાળવાની જરૂર નથી.

માનવ યોનિને નેતાએ પૂછ્યું અમારે કયારે કેટલીવાર ખાવું!

બ્રહ્માજી કહે માત્ર એક જ વાર બપોરે તે પણ અડધું પેટ ખાલી રાખીને!

માનવ પ્રાણી દુઃખી થયું, બ્રહ્માજી પશુઓ અને માનવ વચ્ચે પક્ષપાત કરે છે એમ વિચારી બ્રહ્માની એ આજ્ઞાનું પાલન ન કર્યું, સવાર-બપોર-સાંજ અર્ધી રાતે ખા-ખા કર્યે જ રાખે છે અને દવાખાનાં ભરે રાખે છે..

# "સુખ દુઃખ છે જીવનની મેચ, કોઈનો ફટકો તો કોઈનો કેચ"

**જીવન ઘડતર**
**- હર્ષદરાય ઉપાધ્યાય**

**(સત્ય ઘટના)**

જીવનરૂપી ઘૂઘવતા સાગરમાં મોઝાંઓની આવાજાહી સતત વર્તાતી હોય છે. સાગરનાં અવિરત અને અસ્ખલીત ઉછળતાં મોઝાંઓની જેમ ધમાલીયા આજના આ શહેરી જીવનમાં માણસ, વાહન અને પરિશ્રમ સતત ભાગતો-દોડતો જોવા મળે છે. સૌને ભારે ઉતાવળ રહે છે. સતત દોડતા આ સંસારમાં સવાર કે સાંજ થોડાક નિવૃત્ત વ્યક્તિઓ અને સ્વાસ્થ્ય માટે સજાગ માણસો ફૂટપાથ ઉપર ચાલતા કે ટહેલતા જોવા મળે છે.

વરસાદી માહોલ છે પણ વરસાદ નથી ત્યારે એક સાંજ હું અને મારાં ધર્મપત્નિ એક શિવાલયના દર્શને નિકળ્યાં. ત્યાં વાહન પાર્ક કરી બેઠાં હતાં. અસંખ્ય ભક્તો પોતપોતાની રીતે દર્શને આવી રહ્યા હતાં. દૂર એક ફૂટપાથ ઉપરના બાંકડે અમે બેસી વહેતા માનવ સમુદાયને નિહાળતા હતા.

થોડેક દૂર ડામરના રસ્તાના કામ અંગે રોકાયેલ કેટલાક મજૂરોનાં 'ટેમ્પરરી' ઝૂંપડાં હતાં. જે સમયે સમયે જગ્યા બદલતાં હતાં. થોડાક ઝૂંપડાંમાં કહેવાતા આંગણામાંથી બનાવાયેલા ચૂલામાંથી ધુમાડા ઉઠતા હતા. અર્ધનગ્ન બાળકો, બેહાલ કહી શકાય તેવાં વસ્ત્રોમાં પુરૂષો અને પ્રાદેશિક વસ્ત્રો પહેરેલી સ્ત્રીઓ સૌ પોતપોતાના કામમાં વ્યસ્ત હતાં. રોટલા ટીપાઈને માટીનાં તવામાં શેકાતા હતા. એલ્યુમિનિયમની તપેલીમાં ઉકળતા રસાવાળા શાકની ખુશ્બુથી ત્યાં આજુબાજુના સૌ પ્રભાવિત હતા.

પરંતુ, લગભગ છેવાડે કહી શકાય તેવી જગાએ થોડાંક અસ્તવ્યસ્ત પોટલાં અને એક બે ફાટેલી ગોદડીઓના પાસે એક વૃદ્ધ પુરૂષ નિસ્તેજ આંખે બેઠો હતો. પેટમાં કદાચ ઊંડો ખાડો હશે જ તેવું સ્પષ્ટ જણાતું હતું. વારે વારે પગ ઉપર બેસતી માંખોને ઉડાડતો હતો. કદાચ વાગ્યું હોય તેમ જણાતું હતું. પડોશી ઝુંપડાવાળાના રસોડે તેમને જ માંડ પૂરૂં થાય તેટલું ભોજન હશે કે પછી ગમે તે પણ કોઈને તે તરફ લક્ષ્ય ન હતું.

થોડી જ વારમાં એક અતિશય વૃધ્ધ જણાતી લાકડી ટેકે ચાલતી એક સ્ત્રી આવી અને ત્યાં બેઠી બંને વૃધ્ધો માત્ર આંખથી જ વાત કરી શક્યા. બંને ખૂબ અશક્ત-ભૂખ્યા હશે. વૃધ્ધ સ્ત્રીએ થેલીમાંથી થોડીક ખાવાની વસ્તુઓ કાઢી અને વૃધ્ધની સામે મૂકી, વૃધ્ધે પેલી વૃધ્ધાને ખાવાની આગ્રહ ભરી નજર નાંખી પણ મારૂં પેટ ભરેલું છે મેં ત્યાં જ ખાધું છે એવો પ્રત્યુત્તર મળ્યો હશે. કેમ કે,વૃધ્ધે ખાવાનું શરૂ કર્યું. તે વૃધ્ધા ગોદડી પાથરી આડે પડખે ટૂંટ્યું વાળીને સૂઈ ગઈ. માંડ વૃધ્ધાનું પેટ ભરાયું હશે. લંગડાતો તે વૃધ્ધ માટલી જેવા પાત્રને ન્યાય આપી આડે પડખે થયો. વધુ જાણવાની જીજ્ઞાસા હતી પણ હવે ફરી ક્યારેય મળવા વિચારી ત્યાંથી પ્રયાણ કર્યું.

બીજા દિવસે વિગત જાણવા ઈચ્છા થઈ હોઈ ફરી ત્યાં ગયો. પેલી વૃધ્ધા મંદિર સામે ભીખ માંગતી હતી. ભીખમાં તેને જે મળ્યું તે લઈ તે સ્ત્રી ચાલી નીકળી. લાકડીને ટેકે તે નજીકના ગલ્લામાંથી બિસ્કીટ પેકેટ ખરીદી તે વૃધ્ધાની જોડે ગઈ. હું છેકે નજીક જઈ ઉભો રહ્યો. વાતચીત ચાલી. વૃધ્ધાએ જમવાના જવાબમાં ખૂબ જમી છું પેટમાં જગા નથી, તેમ કહ્યું. હું ચમક્યો. કેમકે તેણે કશું જ ખાધું ન હતું. હું સીધો બેકરીમાં ગયો અને ખાવાની ચીજો લાવ્યો અને બંનેને આપી વિગત પૂછવા લાગ્યો. તો માહિતી મળી કે તે બંનેને કોઈ જ સંબંધ ન હતો. બંને માત્ર મંદિર પાસે ભીખ માંગતા પાડોશીઓ હતા. પરંતુ ગાયના મારથી વૃધ્ધાને આ વૃધ્ધે બચાવી અને તેના પગે ઈજા થઈ. પગ પાક્યો અને આ ઉપકારનો બદલો ગણો કે જે ગણે તે વૃધ્ધા ભીખમાં જે મળે તેમાંથી પહેલાં આ વૃધ્ધાને ખવડાવતી થી. પોતાના પેટના ખાડાને પૂરવાને બદલે અન્ય તરફ ઋણ ચૂકવવાની ભાવનાથી વૃધ્ધને જમાડતી આ વૃધ્ધ તરફ અહોભાવથી મસ્તક ઝૂકી ગયું.

સ્ત્રી એટલે સહનશક્તિનું પ્રતિક. સ્ત્રી એટલે ત્યાગની મૂર્તિ અને સ્ત્રી એટલે શક્તિ.

સ્ત્રી ગમે તે સ્થળે કે સંજોગોમાં હશે તેના હૃદયમાં સતત કરૂણ વહેતી જ રહેતી હોય છે. અન્યના દુઃખે દુઃખી બનતી નારીને પ્રણામ કરી અભિનંદન આપવા ઘટે.

સ્ત્રીમાં માનું સ્વરૂપએ અદ્ભૂત સ્વરૂપ છે અન્યને પોષવા પોતે સહન કરે છે. આપણા સૌને ત્યાં વર્ષના ઘણા દિવસ ઘરના સુખ માટે મા-બહેન કે પત્નિ અપવાસો કર્યા કરે છે. વ્રતો કરે છે. ત્યાગીને સંતોષ માને છે. પરંતુ બદલામાં પુરૂષ વર્ગ તેને શું આપે છે? ભારતની આ સન્નારીને પગમાં નહીં મસ્તકે સ્થાન આપવું ઘટે હંમેશા પુરૂષોના સહારે જીવતી અને તેમને માટે સંઘર્ષ કરતી નારીને સાચા સન્માનની અને કદરની જરૂર છે. કદર માટે તરસતી સ્ત્રીની કદી કદર નથી થતી તે દુઃખની વાત છે.

છતાં, આ સઘળું મનમાં સમાવી સ્ત્રી પોતાનું કર્મ કરતી જ રહે છે. આજે આ પ્રસંગને નિહાળી વિશ્વની તમામ માતાઓ અને સૌ નારી જાતીને ખુદાના પયંગબર માની વંદન કરૂં છું, અને નરી વાસ્તવિકતા વ્યકત કરવાનું પણ ટાળી શકતો નથી.

**નારી તેરી અજબ કહાની,**
**આંચલ મેં હૈ દૂધ આંખમેં પાની...**

- manu_hc@yahoo.com

# ગાંધીનગર નજીક આવેલુ સુંદર જૈન તીર્થ : આગલોડ

**આપણા જિલ્લાના પ્રવાસધામો**
**- ભાનુભાઈ દવે**





ગાંધીનગર નજીક વિજાપુર તાલુકામાં આવેલું ગામ આગલોડ તેનાં સુંદર જૈન મંદિરોને કારણે તો વર્ષોથી જાણીતું છે. સાબરમતી નદીના કોતરો પાસે ઊંચા ટેકરા પર આવેલા જૈન મંદિરો તેના કલાત્મક બાંધકામ માટે દર્શનીય છે.

શહેરની ધાંધલ ધમાલથી દૂર અહિનાં શાંત નૈસર્ગિક વાતાવરણમાં આવેલાં આ મંદિરો પ્રવાસીઓને શ્રધ્ધા સાથે શાતા આપે છે.

જૈન મંદિરોમાં વાસુપૂજ્ય સ્વામીનું મંદિર ઘણું ભવ્ય છે. અહીં દર્શન કરતાં ઘણી શાંતિનો અહેસાસ થાય છે. બાજુમાં માણિભદ્ર વીરનું મંદિર છે. જેમાં લોકો ઘણી આસ્થા ધરાવે છે. મૂળ માણિભદ્રવીરનાં મંદિર ભારતમાં ત્રણ જ સ્થળે ઓલ છે. ઉજ્જૈન, છાપરી (જિ. બનાસકાંઠા) પાસે મગરવાડા, તથા અત્રેનું આગલોડ, અહિ ભોંયરામાં આવેલું, આદિશ્વર ભગવાનનું મંદિર પણ નોંધપાત્ર છે. જયારે સુરેશ્વર મહાદેવનું પણ અહિ એક મંદિર છે.

જૈન મંદિરનાં સંચાલકો દ્વારા અહિ ભોજનશાળા પણ ચાલે છે. રહેવા-ઉતરવા માટે રહેવની પણ સુવિધા છે. આગલોડ ગામમાં જૂના સમયનું કાચનું મંદિર જોવા લાયક છે.

ગાંધીનગરથી આગલોડ જતાં રસ્તે પ્રખ્યાત તીર્થ મહુડી આવેલ છે જેનો પણ પ્રવાસીઓ લાભ લઇ શકે છે.

ગાંધીનગર વિજાપુર ચોકડી (લગભગ ૪૫ કિ.મી) થઇને ૧૩ કિ.મી.ના અંતરે આગલોડ આવેલું છે. બસમાં જતાં વિજાપુર ચોકડીએ રીક્ષાઓ મળી રહે છે. શ્રાવણના તહેવારો આવે છે. ત્યારે આગલોડ જવાનો લાહવો લેવા જેવો ખરો.

# વરસાદના રીંસામણા - કુદરતનો સંકેત?

**વન્યસૃષ્ટિ પરિચય**
**- હેમંત સુથાર**

ચારે તરફ બધા જ જીવો વરસાદની કાગડોળે વાટ જોઇ રહ્યા છે. આજે આવશે - કાલે આવશેની હૈયાધારણા સહુ બાંધ્યા કરે છે અને રોજેરોજ નિરાશ થાય છે.



ખરેખર, વરસાદની કોને જરૂર છે? આવે તો કોના હિતમાં છે અને ન આવે તો કોને ચાલે એવું છે? આ પ્રશ્નો આજના સમયે વિચારતા જેવા ખરા. કેમ કે જે રીતે આપણે બધા આપણાં પર્યાવરણ સાથે ચેડા કરી રહ્યા છીએ, તેના આધારે એવું કહી શકાય કે, આપણે તેની સંભવિત અસરો બાબતે જરા પણ ચિંતિત નથી. વરસાદ ન આવવાથી બહુમતિ વર્ગનું ધ્યાન ખેચાયું છે. પરંતુ તેમના સિવાય પણ ઘણી બધી નાની મોટી પ્રાદેશિક ઘટનાઓ આપણી આસપાસ બની રહી છે. જે આપણે જરા પણ ગંભીરતાથી લઇ રહ્યા નથી.

આપણી પૃથ્વી પર જળ, જમીન, વાયુ પ્રદૂષણો થઇ રહ્યાં છે. નદીઓ દરિયા, દૂષિત થઇ રહ્યાં છે. પૃથ્વી પર જયાં જયાં બરફ - ગ્લેશિયર્સ છે તે બધાં પીંગળી રહ્યા છે. કયાંક અસહ્ય ગરમી પડી રહી છે. કયાંક બરફ પડી રહ્યો છે. કયાંક અતિવૃષ્ટિને કારણે પુર આવી રહ્યા છે. તો કયાંક દુષ્કાળના ઓળા ઉતરી રહ્યા છે.

ઘણાં બધાંને વૃક્ષો વાવવાનો ઉત્સાહ હોય છે. કેટલાકને વૃક્ષો કાપવાનો. કોઇ વૃક્ષને કાપવું કે નહિં? તે ખરેખર કોને નક્કી કરવાનું હોય? શું કેટલાક માણસો જ નક્કી કરશે કે આ વૃક્ષ નડતરરૂપ છે. વર્ષોના વર્ષોની જહેમત - મહેનત કે સર્જનની પ્રક્રિયા બાદ ઊભું થયેલ વિશાળ કદ વૃક્ષની કિંમત બળતણના ભાવ જેટલી હોય છે?

તે વૃક્ષે આપેલ પ્રાણવાયુએ કેટલા માનવોને શ્વાસ પુરા પાડ્યા અને ભવિષ્યમાં પાડશે તેવું કદી વિચારવાનું નહીં. હજ્જારો કીટકો કે ઘણાં બધાં પક્ષીઓનું તે વૃક્ષ ઘર છે તેવું કદી ન વિચારાય. આપણી સગવડ, આપણાં પ્રોજેક્ટ, આપણા નિર્ણય સાચા. શું કદી વિકલ્પો માટે વિચાર્યું? શું વૃક્ષ બચાવવાનું પ્રમાણિક પુરતાં પ્રયાસો કર્યા? વૃક્ષ બચાવવા માટે કશું ન થાય તેમ હોય તો ત્યાર પછી નવા વૃક્ષ વાવવાનું આયોજન થયું? સફળતા મેળવાઇ?

આ બધા પ્રશ્નો એક વૃક્ષ માટે, પર્યાવરણના પ્રત્યેક ઘટક માટે અને અન્યજીવો બાબતે તેટલા જ લાગુ છે. વરસાદ રોકાઇ જવાના કે ન આવવાનો ઉત્તર તેમાં છે.

- hmtsuthar@gmail.com

**આપણી પૃથ્વી પર જળ, જમીન, વાયુ પ્રદૂષણો થઇ રહ્યાં છે, નદીઓ દરિયા, દૂષિત થઇ રહ્યાં છે, પૃથ્વી પર જયાં જયાં બરફ - ગ્લેશિયર્સ છે તે બધાં પીંગળી રહ્યા છે, કયાંક અસહ્ય ગરમી પડી રહી છે, કયાંક બરફ પડી રહ્યો છે, કયાંક અતિવૃષ્ટિને કારણે પુર આવી રહ્યા છે તો કયાંક દુષ્કાળના ઓળા ઉતરી રહ્યા છે**

# ફૂડ સેફટી એક્ટ-૨૦૦૬ની સમજૂતી : રૂલ્સ એન્ડ રેગ્યુલાઈઝ ૨૦૧૧

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

ગુજરાત ફૂડ સેફટી એક્ટ-૨૦૦૬ શરૂઆતથી જ વિવાદાસ્પદ રહેલ છે. તાજેતરમાં સદરહુ એક્ટને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ હાઇકોર્ટમાં પડકારેલ છે. આજે આ ફૂડ સેફ્ટી એક્ટ શું છે? તે સમજીએ.

નવા કાયદા પ્રમાણએ જેઓ ફૂડ ઉત્પાદક નથી. તેમણે પણ ફૂડ સેફ્ટી લાસસન્સ મેળવવાનું ફરજિયાત બનાવેલ છે. એટલે કે તૈયાર ફૂડ પેકેટ વેચનાર રીટેલર, લારી ગલ્લાવાળાનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કોઇ પણ આમા પોતાની પ્રોડક્ટ ગોડાઉન, વેચાણ વિગેરે એક જ જગ્યાએ કરે તો લાયસન્સ ફરજિયાત લેવાનું રહે છે.

આવું લાયસન્સ કયા મળે?

આવા પ્રકારના લાયસન્સની સત્તા પ્રાંત અધિકારીશ્રી ને ફૂડ અધિકારીશ્રીને નોટીફાઇડ એરિયા અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. મ્યુનિ. કોર્પોરેશન હોય ત્યાં મ્યુનિ. કોર્પોરેશનને સત્તા આપવામાં આવેલ છે.

ઉત્પાદક અલગ અલગ જગ્યાએ ઉત્પાદન કરતાં હોય તો તેણે અલગ-અલગ લાયસન્સ મેળવવાનું રહે છે. જેના કારણે ઉત્પાદકે અધિકારીની દયા ઉપર રહેવાનું હાથ તેમજ આવા પ્રોડક્ટ ટ્રાન્સપોર્ટ કરતાં ટ્રાન્સપોર્ટરે પણ લાયસન્સ મેળવવાનું રહે છે, જેનાથી સરકારી અધિકારી ઉપર કામકાજનો ભારણ વધશે. ફૂડ પરિવહન કરતા વાહનો, વાહન ચાલકો, ટ્રાન્સપોર્ટરોની મુશ્કેલી વધશે.

રાજયમાં ચાલતા ઉત્પાદનોમાં ખોટ જણાય તો તેનો રીપોર્ટ કરવો ચકાસણી કરવી, સેમ્પલ લેવા જાહેર આરોગ્યના ધોરણો જળવાય તેવાં પગલાં લેવા.

રાજયમાં ફૂડ પોલીસીનો યોગ્ય અમલ થાય છે કે કેમ? તેની ચકાસણી કરી કમિયરશ્રીએ ધ્યાન રાખવું, તેમજ આ કાર્ય સાથે સંકળાયેલ અધિકારીઓ કર્મચારીઓને તાલીમબધ્ધ કરવા તેમજ ઉત્પાદક નિયમ ભંગ કરે તો યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવી. ફૂડ પેકેજીંગ અને લેબલીંગ માટે લાયસન્સ આપવાની જોગવાઇ ફૂડ કમિશ્નરને કરવાની રહે છે. આ માટે ખાસ ડેઝીગ્નેટેડ અધિકારી નિમવાની સત્તા આપવામાં આવેલ છે. એક્સપાયરી ડેટ વાળા ફૂડ પેકેટ વેચાણ અર્થે મૂકવા એ ગંભીર ગુનો બને છે.

ફૂડ અધિકારી / ઇસ્પેક્ટરશ્રીને કોઇ પણ ધંધાના સ્થળને સીલ કરવાની સત્તા આપવામાં આવે છે. સેમ્પલ લેવાની અને તેના એનાલીસીસની સત્તાઓ આપવામાં આવેલ છે. તેમજ ફૂડના સ્ટાન્ડર્ડ જળવાય તે માટે યોગ્ય પગલાં લેવાની સત્તા આપવામાં આવેલ છે.

લાયસન્સ આપવાની આખરી સત્તા અધિકારીની રહેશે. જો યોગ્ય ના લાગે તો તેમજ ફૂડ સેફ્ટી એક્ટનાં માર્ગદર્શક સિધ્ધાંતોનો ઉત્પાદકો દ્વારા અમલ ના કરવામાં આવે તો લાયસન્સ રદ્દ કરવું તેમજ ફરી ઇસ્યુ ના કરવાની સત્તાઓ આપવામાં આવેલ છે.

ઉપરની અમર્યાદા સત્તાના કારણે નાગરિકોનાં મૂળભૂત અધિકારોનો ભંગ થશે. આખી ફૂડ ઇન્ડસ્ટ્રીઝ મૃતઃપ્રાય અવસ્થામાં જતી રહેશે. ભ્રષ્ટાચારમાં વધારો થશે. અમલદારશાહી, બાબુશાહી વધશે. જેથી ચેમ્બર ઓફ કોમર્સ તાજેતરમાં જ ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન કરી ઉપાય મેળવવા અવાજ ઉઠાવ્યો છે.

માત્ર અમદાવાદમાં જ ૩૫,૦૦૦ વેપારીઓ પૈકી માંડ ૬૫૦૦ એકમોએ જ રજૂ લાયસન્સ મેળવી શક્યા છે. ૧૦૦૦ એકમોની અરજી હાલમાં કાયદાકીય પ્રક્રિયા અંગે પેન્ડીંગમાં છે. તેથી ફૂડ સેફ્ટી એક્ટનો અમલ ૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ છે. જે વિશાળ જનહિત માટે આવશ્યક છે. નવા ફૂડ સેફ્ટી એક્ટમાં વેપારીઓને સાંભળ્યા સિવાય જ અધિકારીઓને સજા કરવાની વિશાળ સત્તા સોંપવામાં આવેલ છે. પરિણામે ભ્રષ્ટાચારને વ્યાપક સમર્થન મળશે. નાના નાના લારી ગલ્લા ઉપર વેચાતાં બિન આરોગ્યપ્રદ ખોરાક ઉપર નિયંત્રણ મેળવવું ચોક્કસ જરૂરી છે. પરંતુ 'પાડાના વાંકે પખાલીને ડામ'ની ઉક્તિ મુજબ કોઇ પણ કાયદાનો સર્વે કરાવ્યા સિવાય તેમજ નિષ્ણાંત પેનલનો મત મેળવ્યા સિવાય અમલમાં મુકવાથી નાના નાના વેપારીઓની ધંધા રોજગારની અગવડો વધશે. મોટા ભાગના ખોરાકી પદાર્થો વેચનાર બિનઅનુભવી તથા અશિક્ષિત જોવા મળે છે. જેમને સદરહુ કાયાદનું વિસ્તૃત જ્ઞાન આપવા સરકારશ્રી દ્વારા વ્યાપક ઝુંબેશ ઉપાડવી પડશે. તાજેતરમાં જ આવા લાયસન્સ મેળવવા, કયા અરજી કરવી કેવી પ્રક્રિયા કરવી તેની અવઢવણાં ખાણીપીણી બજારના વેપારીઓ ગોથે ચઢેલા. તેમજ અરજી લગતી હજુ કરવાના સોગંદનામા માટે ૨૦૯ ના સ્ટેમ્પની ભારે અછત સર્જાઇ હતી.

અખાદ્ય પદાર્શો વેચાણમાંના મુકવાએ કોઇ પણ વેચાણકર્તા, ઉપભોગકર્તાની નૈતિક ફરજમાં આવે છે. તેમ છતાં આવા પદાર્શો વેચાણમાં મુકે તો ફૂડ એન્ડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ ની જોગવાઇઓ તેમજ રૂલ એન્ડ રેગ્યુલાઇઝેશન ૨૦૧૧ની જોગવાઇઓ મુજબ ઓથો. આવશ્યક પગલાં લઇ શકે છે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૫મી ઓગષ્ટ

- મીડિયા સંદેશાવ્યવહારના એજોડ બેતાજ બાદશાહ લોર્ડ ટોમ્સનનો જન્મ ૧૮૯૪. દૈનિકો ૮૩ સામયિકો, ૧૩૮ પુસ્તક પ્રકાશન સંસ્થા ૭ મુદ્રણ કંપની ૧૯ બ્લોક બનાવતી, કંપની ૩, પ્રદર્શની કંપની ૧૦ ટેલિવિઝન કેન્દ્રો ૧૬ ઉપરાંત પ્રવાસ એજન્સી, વીમા કંપનીઓ, હોટેલો વિમાનો, ટ્રેડીંગ કંપની રેડિયો સર્વિસમાં પોતાની માલિકીનું અજોડ સામ્રાજય ધરાવનાર પ્રમાણિક પુરૂષાર્થી વ્યક્તિત્વ.
- ૧૯૫૪માં ભારત સરકારે લલિત કલા અકાદમીની સ્થાપના કરી.
- હેન્રી રેની આલ્બેર ગાય છે.
- ફ્રેન્ચ વાર્તાકારનો મોપાંસામાં જન્મ ૧૮૫૦
- ૧૮૭૫ માં શ્રી જટાશંકર નાન્દીનો જન્મ જેમણે આરોગ્ય વિષયક પુસ્તકો લખ્યા.
- ૧૮૨૮ ની ૫મી




ઓગષ્ટે સુરત ખાતે બોરડોલી સત્યાગ્રહની લડતનું સમાધાન થયું.
- ૫મી ઓગષ્ટ ૧૯૧૬ માં એમરિકામાં ચ્યુઇંગમનું વેચાણ શરૂ થયું.
- ૧૯૭૪માં દાદાભાઇ નવરોજી એ વડોદરા રાજયના દિવાનનો ચાર્જ લીધો.